# મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લાની હોસ્પિટલમાં શ્રેય હોસ્પિટલ વાળી થાય તો નવાઈ નહિ...

## મોડાસા-વાત્રક બંને કોવીડ હોસ્પિટલમાં ફાયરસેફટીનો અભાવ

મોડાસા, તા. ૧૧

અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં આવેલી શ્રેય હોસ્પિટલમાં ગુરુવારે વહેલી સવારે થયેલા અગ્નિકાંડમાં ૮ લોકો પોતાના બેડ પર જીવતા ભડથું થઈ ગયા હતા. ત્યારબાદ ભારે હોબાળો બાદ ફાયર વિભાગના અધિકારીઓ અને સરકારી તંત્રની ઊંઘ ઉડી હોય તેમ સમગ્ર રાજ્યની તમામ ખાનગી અને સહકારી હોસ્પિટલોમાં ફાયર એનઓસી મુદ્દે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરની અને જીલ્લાની ખાનગી, મલ્ટી સ્પેશિયાલિટી અને ટ્રસ્ટની હોસ્પિટલોમાં ફાયર એનઓસી નથી, તેમ છતાં તંત્રની રહેમનજરે ધમધમાટ ચાલી રહી છે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં પણ ફયાર સેફટી માટે અગ્નિશામક ફાયર સિલિન્ડરના બોટલ મૂકી રાખવામાં આવી છે. સરકારી ગાઈડલાઈન પ્રમાણેની ફાયરસેફટીનો કોવીડ-૧૯ હોસ્પિટલમાં અભાવ હોવાનું સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.




અરવલ્લી જિલ્લામાં આરોગ્ય ખાતામાં ચાલતી લાલીયાવાડી ઉજાગર થઈ છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં આવેલી એક પણ ખાનગી કે ટ્રસ્ટની હોસ્પિટલ ફાયર સેફટીનું એન.ઓ.સી. ધરાવતી નથી. મોટાભાગની હોસ્પિટલો નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે કે તેમને કયારે ફાયર એન.ઓ.સી. મળી શકે તેમ નથી. મોડાસા શહેરમાં આવેલી નાની-મોટી ૭૦ થી વધુ હોસ્પિટલોમાં ફાયર એન.ઓ.સી.ધરાવતી ન હોઈ આરોગ્ય તંત્રની બેદરકારી સામે સવાલો ઉભા થયા હતા. એક વર્ષ પહેલા સુરત તક્ષશિલા એપાર્ટમેન્ટમાં આગ લાગવાની ઘટના બાદ સરકાર સફાળી જાગી અને ટયુશન કલાસીસ, હોસ્પિટલો, હોટલ, ફેકટરીઓ, એપાર્ટમેન્ટો સહિતના એકમોને સેફટી સિસ્ટમ લગાડીને તે અંગેનું એન.ઓ.સી. સર્ટિફિકેટ મેળવવું ફરજીયાત બનાવી દીધું હતું. શરૂઆતમાં નગરપાલિકાએ દોડધામ કરી હતી. પરંતુ પછી થી જૈસે થે ની સ્થિતિ સર્જાઈ છે. અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ધમધમતી મોટાભાગની હોસ્પિટલો પાસે ફાયર સેફટીનું એન.ઓ.સી. સર્ટિફિકેટ નથી. શહેરની કેટલીક હોસ્પિટલોમાં ઈમરજન્સી એક્ઝિટની વ્યવસ્થા નથી. એન્ટ્રી અને એક્ઝિટ એકજ ઠેકાણેથી થઈ શકે છે. હોસ્પિટલોના દરેક માળ નિયમ મુજબની પહોળાઈ કે પેસેજ નથી. એર સરકયુલેશનની પુરતી વ્યવસ્થા નથી.

મોટા ભાગની હોસ્પિટલમાં ફાયર સેફટીના નિયમ મુજબની સિસ્ટમ નથી. તો કયાંક ફાયર સેફટી માત્ર શોભાના ગાંઠીયા સમાન છે. જયારે અરવલ્લી જિલ્લો આરોગ્યની દ્રષ્ટિએ અવ્વલ છે જેને કારણે અહી રાજસ્થાનથી દર્દીઓ સારવાર કરાવવા માટે આવતાં હોય છે. પણ તેઓ હાલ જીવના જોખમે અહી સારવાર લઈ રહયા હોય તેવું લાગી રહયું છે. મોડાસા શહેરમાં ધમધમતી ૭૦ થી વધુ ખાનગી અને ટ્રસ્ટની હોસ્પિટલોમાં ફાયર સેફટીની એન.ઓ.સી. ન હોવાની માહિતી નગરપાલિકાના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

# અરવલ્લી ડીડીઓએ બે તલાટીને સસ્પેન્ડ કરતાં ફફડાટ

## મોડાસાના ડુઘરવાડા ગામના અને મેઘરજના મોટી મોયડીના તલાટી સસ્પેન્ડ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લા વિકાસ અધકારી ડૉ. અનીલ ધામેલીયા જીલ્લામાં વિકાસના કામોમાં થતા



ભ્રષ્ટાચારને અટકાવવા સતત થઈ રહેલા વિકાસના કામોના સ્થળ મુલાકાત લઈ રહ્યા છે. મોડાસા તાલુકાના ડુઘરવાડા ગ્રામ પંચાયતના તલાટી હાર્દિક મનોજકુમાર ભટ્ટ અને મેઘરજ તાલુકાના મોટી મોયડી ગ્રામ પંચાયતના તલાટી એસ.એસ. ખરાડી ફરજમાં મનમાની અને બેદરકારી દાખવતા હોવાની ફરિયાદો ઉઠતા જેના પગલે જીલ્લા વિકાસ અધિકારીએ તપાસના આદેશ આપતા બંને તલાટી ફરજમાં કસુવાર જણાતા બંને તલાટીઓને સસ્પેન્ડ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા તાલુકાના ડુઘરવાડા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી હાર્દિક મનોજકુમાર ભટ્ટે ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ સાગવા ગામે કૂવો ઉંડો કરવા માટે તા.૩ જૂન ૨૦૧૯ના રોજ સામાન્ય સભામાં ઠરાવ કરી મંજૂરી મેળવવા માટે તાલુકા વિકાસ અધિકારીને મોકલવામાં આવતા મંજૂરી આપવામાં આવી ન હતી. તલાટીએ ૨૦ સપ્ટેમ્બર-૨૦૧૯ ના રોજ ફરીથી વહીવટી મંજૂરી માટે દરખાસ્ત મોકલી આપી હતી અને વહીવટી મંજૂરી મળે તે પહેલા તો તલાટીએ ૨૩ જુલાઈ-૨૦૧૯ માં ના રોજ વાઉચરથી રૂ.૧૪૨૦૦૦ થી કરી દીધું હોઈ આ મામલે ફરિયાદ ઉભી થતા જીલ્લા વિકાસ અધિકારીએ નોટિસ આપી હતી અને એક માસમાં ખુલાસો કરવાની તાકીદ કરવા છતાં તલાટી કમ મંત્રી હાર્દિક મનોજકુમાર ભટ્ટ યોગ્ય ખુલાસો કરવામાં નિષ્ફળ રહેતા તલાટીને સસ્પેન્ડ કરી દીધા હતા.

મેઘરજ તાલુકાના મોટી મોયડી ગામે તલાટી તરીકે ફરજ બજાવતા એસ.એસ. ખરાડી મોટી મોયડી ખાતે આવેલ પ્રાથમિક શાળાની કંપાઉન્ડ વોલનું પેયમેન્ટ બે વાર કરવામાં આવ્યું હતું જે અંગે ફરિયાદ ઉઠતા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી અને તાલુકા વિકાસ અધિકારીની તપાસમાં બહાર આવતા તલાટીની બેદરકારી અંગેનો રિપોર્ટ જીલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવતા જીલ્લા વિકાસ અધિકારીએ તલાટીને એક માસ પહેલા નોટિસ આપી ખુલાસો માંગતા તલાટી કમ મંત્રી એસ.એસ. ખરાડી ખુલાસો આપવામાં નિષ્ફળ રહેતા તેમને નોકરીમાંથી છુટા કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જીલ્લામાં એક સાથે બે તલાટીને સસ્પેન્ડ કરવામાં આવતા કર્મચારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો.

## કરણપુરમાં મકાનના પૈસા બાબતે ઝગડો થતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો

કરણપુર ગામના ગીરીશભાઈ રેવાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૮ ઓગષ્ટના રોજ મકાનના પૈસા બાબતે નિકેશભાઈ રેવાભાઈ પટેલ અને ગીરીશભાઈ પટેલ વચ્ચે ઝગડો થયો હતો. જેમાં શીતલબેન નિકેશભાઈ પટેલ, નૂતનબેન નિકેશભાઈ પટેલ તથા ગીતાબેન નિકેશભાઈ પટેલે નિકેશભાઈનું ઉપરાણુ લઈને ઝગડો કરવા માટે દોડી આવ્યા હતા જ્યાં શીતલબેન, નૂતનબેન પ્લાસ્ટીકની પાઈપ વડે ગીરીશભાઈ પર હુમલો કરી માર માર્યો હતો તથા બાકીના બે જણાએ પણ ગદડાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પહોચ્યો હતો.

## અરવલ્લી એસીબીએ વિજયનગરના અંદ્રોખા ગ્રુપ ગ્રામપંચાયતના લાંચીયા તલાટીને લાંચ લેતા ઝડપ્યો

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ભ્રષ્ટાચારની બદીએ માજા મૂકી છે. મોટા ભાગની સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ સરકારી કામકાજ માટે જતા અરજદાર પાસેથી એનકેન પ્રકારે રૂપિયા પડાવી ખિસ્સા ગરમ કરી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકના અંદ્રોખા ગ્રુપ ગ્રામપંચાયત ફરજ બજાવતા તલાટી કમ મંત્રીને રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા અરવલ્લી એસીબીના પીઆઈ સી.ડી. વણઝારાએ અને તેમની ટીમે છટકું ગોઠવી ઝડપી લીધો હતો. એસીબીની ટ્રેપ થતા તલાટી કમ મંત્રી ગિરિશ લક્ષ્મણભાઈ પટેલને લાંચ લેવાનો નશો ઉતરી ગયો હતો. એસીબીની સફળ ટ્રેપથી લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.



વિજયનગર તાલુકાનાં અંદ્રોખા ગ્રુપ ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રી ગીરીશભાઈ લક્ષ્મણભાઈ પટેલે એક જાગૃત નાગરિક પાસેથી મિલ્કતમાં વારસાઈ કરાવવાના કામકાજ અર્થે ૧૦ હજાર રૂપિયાની માંગણી કરતા સમસમી ઉઠ્યો હતો. તલાટીએ જાગૃત નાગરિકને મિલ્કતમાં વારસાઈ કરાવવાની હોય જે અંગે પેઢીનામુ તેમજ વારસાઈમાં નામ દાખલ કરાવવા કાર્યવાહી કરવા માટે ધરમધક્કા ખવડાવતા જાગૃત નાગરિક લાંચ આપવા માંગતા ન હોવાથી લાંચિયા તલાટી કમ મંત્રીને સબક શીખવાડવા જાગૃત નાગરિકે એસીબીનો સંપર્ક કરતા અરવલ્લી એસીબીએ ભ્રષ્ટ તલાટીને ઝડપી પાડવા માટે છટકુ ગોઠવ્યુ હતુ. અરવલ્લી એસીબીની ટ્રેપ અંગે અજાણ તલાટીએ ખિસ્સું ભરવા ૧૦ હજાર રૂપિયા લેતો રંગે હાથે ઝડપી પાડ્યો હતો અને એસીબીએ વધુ તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

# પ્રાંતિજ ટોલટેક્સ મામલે આખરે ટોલટેક્સ કોન્ટ્રાક્ટર દ્વારા નમતુ જોખ્યું

## ટોલટેક્સ કોન્ટ્રાક્ટર દ્વારા છુટા કરેલ કર્મચારીઓને ફરી લેવાનું નક્કી કરતા મામલો થાળે પડ્યો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટોલટેક્સ પણ પ્રાંતિજ પોલીસ દ્વારા આત્મવિલોપનની ચિમકી બાદ ૩૦ જેટલા કર્મચારીઓની






અટકાયતી પગલું ભરી જામીન લેવડાવવામાં આવ્યા.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર પાટીયા ઉપર આવેલ ટોલટેક્સ ઉપર ટોલ કોન્ટ્રાક બદલાતા નવા આવેલ ટોલ સંચાલક દ્વારા છેલ્લા ૨૦થી ૧૫ વર્ષથી ટોલટેક્સ ઉપર નોકરી કરતા ટોલટેક્સ કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા હતાં અને નવા આવેલ ટોલ કોન્ટ્રાક્ટર દ્વારા પોતાના માણસો ગોઠવી દેવામાં આવતા મામલો બિચક્યો હતો અને ટોલ મેનેજર અનુભવ શર્મા તથા ટોલ કર્મચારીઓ સાથે તુ..તુ...મે...મે ના દશ્યો જોવા મલ્યા હતા. આ બાબતને લઈને પ્રાંતિજ તાલુકા પંચાયતના સદસ્ય કૌશિકભાઈ પટેલ, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકાના અપક્ષ કોર્પોરેટર નિખીલભાઈ પટેલ, કતપુર સરપંચ, રાજુભાઈ સહિતના આગેવાનો દ્વારા વચ્ચે રહીને કર્મચારીઓના હિતને લઈને નવા આવેલ ટોલ સંચાલક સાથે રાત્રીના બેઠક યોજાઈ હતી અને બન્ને વચ્ચે સમાધાન કરાવતાં આખરે મામલો થાળે પડયો હતો અને ટોલ મેનેજર અનુભવ શર્મા દ્વારા એક મહિનામાં બધાં જ છુટા કરવામા આવેલ ટોલ કર્મચારીઓને લેવાની બાહેધરી આપી હતી. પ્રાંતિજ પોલીસ દ્વારા ટોલટેક્સ કર્મચારીઓ દ્વારા આપવામા આવેલ આત્મવિલોપનની ચિમકીને લઈને ૩૦ જેટલા ટોલટેક્સ કર્મચારીઓની અટકાયતી પગલુંભરી ફરીવાર આવુ કાર્ય ના કરે તે માટે પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે તમામે તમામ ૩૦ જેટલા કર્મચારીઓના પ્રાંતિજ મામલતદાર પાસે જામીન લેવડાવવામાં આવ્યા હતા ત્યારે સમગ્ર મામલે સુખદ અંત આવતા જિલ્લા સહિત સ્થાનિક તંત્ર એ પણ હાશકારો લીધી હતો.

કર્મચારીઓની આત્મવિલોપનની ચિમકી બાદ રાત્રીના સમયે ટોલટેક્સ સંચાલક તથા છુટા કરેલ ટોલટેક્સ કર્મચારીઓ તથા કેટલાક આગેવાનોની બેઠક યોજાઈ હતી જેમાં ટોલ સંચાલક દ્વારા છુટા કરેલ ટોલ કર્મચારીઓને ફરી લેવાનું કહેતા મામલો થાળે પડયો હતો

# આજે સાબરકાંઠા જિલ્લામાં જન્માષ્ટમી મેળા નહી યોજાય

## કોરોનાને લઈને કૃષ્ણ જન્મોત્સવ પણ મર્યાદિત ભક્તોની હાજરીમાં ઉજવાશે : સાવચેતીના પગલારૂપે પોલીસતંત્ર મંદિરો પર નજર રાખશે

હિંમતનગર, તા. ૧૧

ભગવાન શ્રીકૃષ્ણનો બુધવારે સાબરકાંઠા જિલ્લામાં આવેલા તમામ મંદિરોમાં જન્માષ્ટમી નિમિત્તે જન્મોત્સવની ઉજવણી થનાર છે ત્યારે આ વર્ષે સરકારે કોરોનાને લઈને તમામ મંદિરોમાં એકઠા થવા પર પ્રતિબંધ મુકયો છે. ત્યારે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે આવેલ કૃષ્ણ મંદિરો તથા અન્ય મંદિરોમાં કોઈ મેળા યોજાશે નહી અને રાત્રે પણ કૃષ્ણ જન્મોત્સવ દરમ્યાન મર્યાદિત ભક્તો ભાગ લઈ શકશે.

બુધવારે જન્માષ્ટમી નિમિત્તે હિંમતનગરમાં આવેલ ઝરણેશ્વર, ભોલેશ્વર તથા અન્ય મંદિરોમાં લોકો શ્રાવણમાસ નિમિત્તે ભગવાનના દર્શન કરવા જશે. શહેરના મ્ધ્ય વિસ્તારમાં આવેલ ખાડીયાના મહામંદિરમાં પણ લોકો દર્શન કરશે જેથી મંદિરને શણગારવામાં આવ્યુ છે. આ વર્ષે કોરોનાથી વધુ સંક્રમણ ન થાય તથા જિલ્લામાં કોરોનાના વધી રહેલા પોઝીટીવ કેસોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા જન્માષ્ટમીના દિવસે કોઈપણ પ્રકારના લોકમેળાનું આયોજન કરવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. તેમ છતા અનેક મંદિરોમાં દર્શન કરવા આવતા ભક્તો નિરાશ ન થાય તે માટે વિશેષ આયોજન કરાયુ છે.

જેના ભાગરૂપે દર્શન કરવા આવતા તમામ ભક્તોને માસ્ક ફરજીયાત ધારણ કરવાનો રહેશે તથા દર્શન કરતી વખતે સોશિયલ ડીસ્ટન્સના નિયમનું પાલન કરવાનુ ફરજીયાત છે. દરમિયાન જિલ્લા પોલીસતંત્ર દ્વારા બંદોબસ્ત ગોઠવવાનું પણ મંગળવારે આયોજન કરાયુ હતુ જેમાં બુધવારે જે તે મંદિરમાં ફરજ પર તૈનાત પોલીસ કર્મીને ઉચ્ચ અધિકારીઓએ સલાહ સુચન આપ્યા હતા. રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી દરમિયાન સરકારના કોઈ નિયમોનો ભંગ ન થાય તેની તકેદારી રાખવા માટે જણાવાયુ છે.

## આંબાસર ગામે કપાસના પ્લોટના પૈસાની લેવડદેવડ બાબતે ઝગડો થતા બે ને ઈજા

પોશીના તાલુકાના અંબાસર ગામે નવ દિવસ અગાઉ કપાસના પ્લોટના પૈસાની લેવડદેવડ બાબતે થયેલા ઝગડામાં ચાર જણાએ ભેગા મળી બે જણા પર લાકડીઓથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આંબાસર ગામના વચલો ફળીમાં રહેતા મોહનભાઈ ભેમાભાઈ ગમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩ ઓગષ્ટના રોજ તેઓ કપાસના પ્લોટના પૈસાની લેવડદેવડ માટે તેમના જ ફળીમાં રહેતા મોડાભાઈ લાઘાભાઈ ગમાર, વજાભાઈ લાઘાભાઈ ગમાર, નવજીભાઈ લાઘાભાઈ ગમાર અને નાનાભાઈ લાઘાભાઈ ગમાર પાસે ગયા હતા ત્યારે વાતચિત દરમિયાન મોહનભાઈ-વજાભાઈએ ઉશ્કેરાઈ જઈ સુંદરીબેન તથા રફીકભાઈ કે જેઓ ઝગડો ન થાય તે માટે સમજાવી રહ્યા હતા. ચારેય જણાએ ઝગડો કરવાના ઈરાદાથી સુંદરીબેન તથા રફીકભાઈ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ડીસાની ચામુંડા સોસાયટીમાંથી યુવકનું અપરહણ : ૫૦ લાખની માંગ

કોરોના મહામારી વચ્ચે ડીસાની ચામુંડા સોસાયટીમાં રહેતા એક પરણિત યુવકનું તેની પત્ની સહિત અન્ય સાગરિતો સાથે મળી અપરહણ કરી ગયા હતા અને યુવકને છોડાવવા માટે તેના પરિવારજનો પાસે ૫૦ લાખની માંગ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ મામલે યુવકના ભાઈએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ લાખણીના વતની અને હાલમાં ડીસાની ચામુંડા સોસાયટી ખાતે રહેતા કલ્પેશભાઈ હિંમતલાલ શાહે પંદરેક વર્ષ અગાઉ અમદાવાદ ખાતે રહેતા હીરાલાલ કશ્યપની દીકરી પૂનમબેન સાથે લગ્ન કરેલા જોકે ગત તારીખ ૯/૮/૨૦ ના રોજ સવારના નવ વાગ્યાના સુમારે લાખણી ખાતે રહેતા રમેશભાઈ શાહ ના મોબાઈલ ઉપર તેમના ભાઈ કલ્પેશભાઈના મોબાઈલ નમ્બરથી ફોન આવેલો અને ફોનમાં કલ્પેશભાઈ કહેવા લાગેલ કે ગઈ રાત્રે મારી પત્ની મારી સાળી તેમજ અન્ય માણસો ભેગા મળી મારુ અપરહણ કરી મને અમદાવાદ લઈ ગયા છે અને અહીં મને માર મારી ધમકાવી મારી સાળી રીનાબેન મારી પાસે ૪૦ લાખ માંગે છે તેવી નોટરી પણ કરાવી દીધી છે આ ઉપરાંત મારી પાસે ૫૦ લાખ ની માંગ કરે છે માટે મને મુક્ત કરાવો. આ ફોનના પગલે રમેશભાઈએ તેમને આશ્વાસન આપી આ બાબતે તેમના બનેવી સહિતના સગા ને લઈ ડીસા દક્ષિણ પોલીસ મથકે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરતા પોલીસે તેમની ફરિયાદ નોંધી હતી અને તેમની રજુઆત આધારે પોલીસે અમદાવાદના ચાંદખેડા ખાતે જઈ તપાસ કરતા કલ્પેશભાઈ ઉપરોક્ત સ્થળેથી મળી આવેલ. જેથી પોલીસ કલ્પેશભાઈને મુક્ત કરાવી ડીસા પરત લાવેલા. આ મામલે રમેશભાઈ શાહે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે પૂનમબેન, સાળી રીનાબેન સુનિલભાઈ કશ્યપ ,અનિલભાઈ પરમશ્યામસિંગ રાજપૂત, અરવિંદભાઈ શિવસાગર શુક્લા અને શિવેનભાઈ જગદીશપ્રશાદ સુકલા (તમામ રહે. અમદાવાદ) વિરુદ્ધ ઈ. પી.કો. કલમ ૩૬૫, ૩૮૪, ૩૪૨, ૩૨૩, ૫૦૬ અને ૧૧૪મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.






## જાહેર રસ્તાઓ તેમજ નિચાણવાળા વિસ્તારો પાણીથી ઉભરાવા લાગ્યા

આ વખતે બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારમાં પુરતા પ્રમાણમાં વરસાદ ન પડતા ખેડૂતો ચિંતાતૂર બન્યા હતા અને ખેડૂતોના ઉભા પાકને નુક્સાન જવાની પણ શંકાઓ સેવાઈ રહી હતી અને ખેડૂતો કાગડોળે મેઘરાજાની રાહ જોઈને બેઠા હતા ત્યારે સતત છેલ્લા ચાર દિવસથી બનાસકાંઠા જીલ્લાના મોટાભાગના વિસ્તારમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે ધીમી ધારે વરસી રહેલા વરસાદના કારણે સમગ્ર જગ્યાએ પાણી પાણી થઈ ગયું છે નીચાણવાળા વિસ્તારો પાણીથી ઉભરાવા લાગ્યા છે તો જાહેર રસ્તાઓ પણ પાણી ફરી વળ્યા છે વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આજે વહેલી સવારથી જ ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો અને ધીમી ધારે શરૂ થયેલા વરસાદને લઈ સમગ્ર શહેર પાણી પાણી થઈ ગયું હતું અને જાહેર રસ્તાઓ પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ધાનેરા થી ફતેપુરા અને ફતેપુરા થી સામરવાડા ને જોડતો માર્ગ તુટી જવા પામ્યો છે અને રસ્તા પર મોટા મોટા ખાડા પડી જવા પામ્યા હતા આ ખાડાઓ આજે પાણીથી ભરાઈ જતાં ત્યાંથી પસારથતા વાહનચાલકોને ખૂબ જ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે.



## પાલનપુર - અમદાવાદ હાઇવે જામ

પાલનપુર-અમદાવાદ હાઈવે પર વરસાદી પાણી ભરાતા ૨ કિલોમીટર સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા છે. પાલનપુરમાં અઢી ઈંચ વરસાદ થતા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યાં હતા. જોકે, પાલનપુર-અમદાવાદ હાઈવે પર પણ વરસાદી ભરાયા હતા. નેશનલ હાઈવે ઓથોરિટીની અણઘડ નીતિને લઈને વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. સિક્સ લેન રોડનું કામ ચાલુ હોવાથી વરસાદી પાણીના નિકાલ માટેની કોઈ વ્યવસ્થા નથી. ત્યારે અમદાવાદથી રાજસ્થાન જતા અનેક વાહનચાલકો ટ્રાફિકમાં ફસાયા હતા. પાલનપુર હાઈવે પર ગઠામણ પાટીયા પાસેના દુકાનદારોને પણ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

## પાલનપુર- ડીસામાં પ્રતિબંધ ઉઠાવાયો

પાલનપુર અને ડીસામાં ૪ વાગ્યા સુધી જ દુકાનો ખુલ્લી રાખવાનો પ્રતિબંધ ઊઠાવી લેવાયો છે. જિલ્લા કલેકટર દ્વારા કોરોના સંક્રમણ નિવારવા સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી જ દુકાનો ખુલ્લી રાખવા અગાઉજાહેરનામું પ્રસિદ્ધ કરાયું હતું. જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટતા નિયંત્રણો ઉઠાવી લેવાનો નિર્ણય લેવાયો છે.

## ધાનેરાની લીલાશાહ નગર સોસાયટીના મકાનમાં અચાનક આગ લાગતા અફરાતફરી

એક તરફ ધાનેરામાં ધીમીધારે વરસાદ શરૂ છે તો ચાલુ વરસાદમાં પણ આગ લાગવાનો બનાવ સામે આવ્યો છે ધાનેરાની લીલાશાહ નગરના મકાનમાં બપોરના સમયે અચાનક આગ લાગતાં લોકોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.



ત્યારે સ્થાનિક લોકો દ્વારા નગરપાલિકાના ફાયર ને જાણ કરતા નગરપાલિકાના ફાયર ફાયટર તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલાં જ આગ પર કાબુ મેળવી લીધો હતો.

## બનાસકાંઠામાં વધુ એક કેસ

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધી રહ્યું હતું. જોકે, છેલ્લા એક સપ્તાહથી જોર ઓછું થયું હોય એમ ઓછી સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. જ્યાં સોમવારે ૨ પોઝિટિવ કેસ નોંધાયો હતો. થરાદના ૩૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૮૭૩ પહોંચી ગઈ છે.